# F1 ૧.૨.૧ તીર્થ શબ્દની પરિભાષા અને મહત્વ.

## ‘તીર્થ’ કોને કહેશો?

‘તૄ’ ધાતુ પરથી બનેલો શબ્દ તે તીર્થ કહેવાય છે. પરંતુ ધર્મની અપેક્ષાએ ભવસમુદ્રથી તારે, અને રાગ–દ્વેષ અને કષાયોને દૂર કરે તે ‘તીર્થ’ કહેવાય. અહિં જૈન ધર્મ, તીર્થ શબ્દની વિલક્ષણ વ્યાખ્યા કરે છે.

જે ભૂમિ પર તીર્થંકરોના પાંચ કલ્યાણકો ( ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ) પૈકી કોઈ પણ એક કલ્યાણકની ઉજવણી થઈ હોય, પ્રભુના સમવસરણ બન્યા હોય, પ્રભુના ચાતુર્મસિ સ્થળો કે વિહાર સ્થળો બન્યાં હોય, અથવા પ્રભુના જીવનની મહત્વની ઘટનાઓ ઘટી હોય, તેને તીર્થ કહેવાય છે. કોઈ પણ જિનમંદિરની પ્રતિષ્ઠા થયા પછી તેને સો વર્ષ (૧૦૦ વર્ષ) વીતી જાય તે મંદિર પણ તીર્થ સ્વરૂપ બની જાય છે.

## ‘તીર્થ’ પ્રભાવ

તીર્થ એ સંસારના વિવિધ તાપથી શાતા પામવાનું સ્થાન હોય છે. એ તીર્થનાં સ્થાન અને વાતાવરણનો મનુષ્યના મન અને જીવન ઉપર બહુ ઘેરો પ્રભાવ પાડે છે. તીર્થનું વાતાવરણ (**Atmosphear**) અતિપવિત્ર, સાત્વિક અને શાંતિદાયક હોવાથી હ્રદયપરિવર્તન પણ થતું હોય છે.

જંગમ તીર્થ (સાધુ–સંસ્થા) અને સ્થાવર તીર્થ (શત્રુંજય, શંખેશ્વર, શિખરજી આદિ.)નો મહિમા આજે પણ આમ જનતાને જીવન રક્ષક પરિબળ પૂરું પાડે છે. હજારો વર્ષ જુના તીર્થોમાં ઉદાત્ત અને પવિત્ર ભવ્ય ભાવનાઓ ઠાંસી ઠાંસીને ભરેલી હોય છે. અભ્યુદય અને આત્માનંદની આલબેલ નિરંતર પોકારતી હોય છે.આવા તીર્થમાં દેવ જગતને પણ બે ઘડી બેસવાનું અને પ્રભુભક્તિ કરવાનું મન થતું હોય છે.

## હ્રદય ‘તીર્થ’

જગતના પૃથ્વી પર ઉપર તીર્થંકરોની દીર્ઘ કાલીન તપોભૂમિ અને મુનિપુંગવોની નિર્વાણભૂમિનાં પવિત્ર તીર્થસ્થાનો અને તેમની અસ્મિતા આજના જગતને અપૂર્વ શાંતિ આપી રહ્યા હોય છે. જે માનવીના મન–વચન અને કાયા પવિત્ર થયેલા હોય, નિર્દોષ – નિખાલસ અને નિસ્પૃહ થયેલા હોય તે માનવીનું હ્રદય પણ તીર્થ જેટલું જ પવિત્ર ગણાય છે.

jainuniversity.org

# F1 ૧.૨.૨ તીર્થના આચારો

તીર્થ શબ્દ પવિત્રતા અને પ્રસન્નતા વગેરે અર્થમાં પણ વપરાયેલો છે. સમગ્ર પૃથ્વી ઉપર તીર્થભૂમિ જેટલી પવિત્રભૂમિ બીજી કોઇ ગણાવાઈ નથી.

## આચારો શા માટે?

આપણું જીવન વિવિધલક્ષી છે. ઘરમાં દુકાન / ઓફિસનો ડ્રેસ પહેરીને રહેતા નથી તો ઓફિસમાં નાઈટ ડ્રેસ પહેરતા નથી, મોટા અધિકારી પુરુષો સાથે સભ્યતાથી વાત કરીએ છીએ તો કોર્ટ – કચેરીમાં લગ્ન ગીતો ગવાતાં નથી.દરેક સ્થળના ચોક્કસ આચારો દરેક વ્યક્તિએ પાળવાના જ હોય છે.

## આચારો નું મહત્વ.

તીર્થ સ્થાનએ મનને પ્રફુલ્લિત કરવાનું અને આત્મશાંતિ પ્રાપ્ત કરવાનું અજોડ નૈસર્ગિક સ્થળ છે. મનની પ્રસન્નતા કે આત્મભાવોની પ્રાપ્તિ તીર્થ સ્થાનોની પવિત્રતા સાથે જોડાયેલી છે અને તે તે સ્થાનોની પવિત્રતા આપણી આચાર ચુસ્તતા કે આચારસંહિતા સાથે જોડાયેલી છે.

ખરેખર તીર્થભૂમિ એ આપણી આત્મભૂમિનો જ એક ભાગ છે. તીર્થભૂમિની પવિત્રતા આપણી આત્મભૂમિની પવિત્રતા રૂપ છે. ત્યારે દુનિયાના તીર્થ સ્થળોનો નૈસર્ગિક આનંદ પ્રાપ્ત કરાવા નીચેના આચારો અવશ્ય પાળવા.

## આચારો

૧ તીર્થ સ્થાનોએ જતાં સંસાર સંબંધી કોઇ ધ્યેય કે વિચાર ન રાખવો.

૨ તીર્થ સ્થળો–મંદિરોમાં સંસારની ઉપાધિઓ, સંબંધો કે ધનચિંતાની કોઇજ વાતચીતો ન કરવી.

૩ મંદિર કે જિનાલયમાં પરમાત્મા પાસે ખુબજ નમ્રતાપૂર્વક બધા જ અધિકારો, અહં, છોડી સાચા અને સંપૂર્ણ માનવ બનવાની કોશિશ કરવી.

૪ તીર્થની આજુ બાજુની ભૂમિ ઉપર ગંદકી ન કરવી, કચરો ન નાખવો, અને કોઈ પણ વ્યસનનું સેવન ન કરવું.

૫ તીર્થમાં જઈ અવશ્ય બ્રહ્મચર્યનું પાલન ભાવપૂર્વક કરવું.

૬ તીર્થમાં જઈ કાંદા–બટાકા–અભક્ષ્ય, આઈસક્રીમ, બ્રેડ–બટર વાળી કોઈ પણ ચીજ ન વાપરવી અને અવશ્ય રાત્રિ ભોજનનો ત્યાગ કરવો.

૭ તીર્થમાં જઈ સમયપસાર કરવા પાના રમવા, ક્રિકેટ વગેરે રમતો રમવી, પીકચરનાં ગીતો ગાવાં, સંસારી સંબંધો બાંધવા, (વેવિશાળ, છોકરા–છોકરી જોવાં) વગેરે ન કરવું.

૮ તીર્થ સ્થળોનો ઈતિહાસ, મહિમા, પ્રભાવ જાણવો,દર્શન–વંદન કરવા તથા પૂજા–સેવા–સ્તવના, મધુર ભક્તિ ગીતો ઈત્યાદિમાં સમય વધુ પસાર કરવો.

jainuniversity.org

# F1 ૧.૨.૩ ભારતનાં સુપ્રસિદ્ધ  તીર્થ– કલ્યાણક તીર્થો.

## શત્રુંજય મહાતીર્થ

તીર્થંકર પરમાત્મા એકવાર જયાં વિચરે તે તીર્થ. સંસાર–સાગરમાં ફરતાં જીવોને માટે શ્રી શત્રુંજય મહાતીર્થ જેવું એકેય તીર્થ નથી.

સૌરાષ્ટ્ર શત્રુંજી નદીના કિનારે આવેલ છે જેની ઉંચાઈ સમુદ્રના લેવલથી ૧૯૦૦ ફૂટની છે, તળેટીથી રામપોળ સુધી પહોંચવાનો રસ્તો ૩ કિલોમીટર અને ૩.૧૫ હેકટોમીટર છે. તળેટીથી રામપોળ સુધી ૩૭૪૫ પગથિયાં છે.

શત્રુંજય તીર્થને મંદિરોનું નગર કહેવામાં આવે છે. ગિરિરાજ પર નવે ટૂંકો પર થઈને  ૧૦૫ મોટાં દેરાસરો છે, ૮૧૫ નાની દેરીઓ છે, પાષાણનાં પ્રતિમાજી ૧૧૦૯૪ તથા ધાતુના પ્રતિમાજી ૬૬૫ છે. નવે ટૂંકોમાં થઈ પગલાંની સંખ્યા ૮૯૬૧ છે.

શત્રુંજય તીર્થને મહાતીર્થ એટલા માટે કહેવામાં આવે છે  કે અનંતાત્માઓ આ તીર્થભૂમિ પર શાશ્વત–પદ–મોક્ષને પામ્યા છે.

વર્તમાન ચોવીસીના શ્રી નેમિનાથ ભગવાન સિવાયના ત્રેવીસ તીર્થંકર ભગવંતોએ શત્રુંજય પર પધારીને વિશ્વને ધર્મ સંદેશ આપ્યો હતો.

શ્રી નેમિનાથ ભગવાન ગૃહસ્થપણામાં શ્રી શત્રુંજય ગિરિરાજ પર પધાર્યા હતા, અને ત્યાં શ્રી ગિરિરાજનો મહિમા વર્ણવ્યો હતો. આ ગિરિ ચોવીશ તીર્થંકરોના ચરણરજ વડે પવિત્ર છે.

શ્રી સિદ્ધગિરિરાજનાં સ્પર્શથી ઉત્તમ ગતિ થાય છે.

## સમેતશિખરજી

શ્રી સમ્મેતશિખરજી ભારતનું એક અગ્રગણ્ય શ્રેષ્ઠ તીર્થ છે, આ સમ્મેતશિખરજી ગિરિરાજ સમુદ્રની સપાટીથી ૪૪૪૮ ફીટની ઉંચાઈ ધરાવે છે. આ ગિરિરાજના પાતાળમાં મૂલ્યવાન ધાતુઓ તથા રાસાયણિક પદાર્થો છૂપાયેલા છે.

તીર્થમાં પ્રવેશ કરતાં પ્રથમ તીર્થરક્ષક શ્રી ભોમિયાજીનું મંદિર આવે છે. જે યાત્રિકોની રક્ષા કરે છે. મુખ્ય મંદિર શ્રી શામળિયાજી પાર્શ્વનાથ ભગવાનનું છે. તેમાં ૩૬ ઈંચની ભગવાનની મૂર્તિ છે. તેની એક બાજુ શ્રી પાર્શ્વનાથ ભગવાન તથા બીજી બાજુ શ્રી શીતલનાથ ભગવાનની શ્વેત પ્રતિમાઓ છે.

શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર અને શ્રી ચંદ્રપ્રભુ સ્વામિનું મંદિર છે. અહિં વીસ તીર્થંકરોની ચરણપાદુકા છે. શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાન, શ્રી ચિંતામણી પાર્શ્વનાથ, શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે .

મધુવન તળેટીમાં દિગંબર મંદિરો તથા ધર્મશાળા આવેલા છે. આ મંદિરોમાં સમવસરણ તથા નંદીશ્વર દ્વીપ મંદિરો ખૂબ જ સુંદર અને ભવ્ય છે.

### શ્રી ગિરનાર મહાતીર્થ

જૂનાગઢ પાસે સમુદ્રની સપાટીથી ૯૪૫ મીટર ઉંચાઈએ આ મહાતીર્થ આવેલું છે. તળેટીથી પહેલી ટૂંકનું ચઢાણ ત્રણ કિલોમીટર છે. પગથિયા ૪૨૦૦ છે. શ્રી ગિરનાર તીર્થ ઉપર બિરાજમાન મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનની પદ્માસનસ્થ પ્રાચીન મૂર્તિ, શ્યામવર્ણની ૧૪૦ સે.મી. ની છે. ઉપરાંત શ્રી જગમાલનું મંદિર, શ્રી માનસંગ ભોજરાજની ટૂંક, શ્રી મેરક વશીની ટૂંક, શ્રી સગરામ સોનીની ટૂંક, શ્રી કુમારપાળ મહારાજની ટૂંક ઉપરાંત અન્ય મંદિરો આવેલાં છે. શ્રી નેમિનાથ ભગવાનના મંદિર પાછળ શ્રી જગમાલનું મંદિર આવેલું છે. તેમાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન છે. શ્રી  મેરકવશીની ટૂંક પર મૂળનાયક શ્રી સહસ્રફણા પાર્શ્વનાની મૂર્તિ છે. ભમતીમાં અષ્ટાપદની રચના છે, જેમાં ૨૪ પ્રતિમાજીઓ છે. શ્રી ચૌમુખજીનું મંદિર છે. પાંચ મેરુનાં મંદિર છે. આ મંદિરમાં ૧૧૩ પ્રતિમાઓ છે. શ્રી સરગરામ સોનીની ટૂંકમાં મૂળનાયક સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય મૂર્તિ છે. આ મંદિરમાં કુલ ૩૬ પ્રતિમાજીઓ તથા પાષાણની સુખડ ચોવીસી છે. શ્રી કુમારપાળ મહારાજાની ટૂંકમાં ઉપર મૂળનાયક શ્રી અભિનંદનસ્વામી ભગવાનની ભવ્ય શ્યામવર્ણ મૂર્તિ છે.

# F1 ૧.૨.૪ જિનાલયો અને તીર્થોનો તફાવત અને નવીન તીર્થોની યાદી.

ગામ કે શહેરમાં જિન મંદિર હોય છે. તેમ શહેરમાં તીર્થ પણ હોઈ શકે છે. તે બંને સ્થાનોમાં તીર્થંકર વીતરાગ પ્રભુની જ પૂજનીય પ્રતિમા હોય છે. તીર્થ કે શહેરમાં જિનાલયો અને જિનમૂર્તિની પ્રાણ–પ્રતિષ્ઠા થયેલી હોય છે. તો પણ બન્ને વચ્ચે તફાવત શું હશે?

જે જિનમૂર્તિ અંજનશલાકા દ્વારા પૂજનીય બનાવવામાં આવે છે, તે પાવન પ્રક્રિયા આજથી ૧૦૦ વર્ષ પૂર્વે થઈ ગઈ હોય, જે જિનમંદિર અને જિનમૂર્તિના વધુ પ્રમાણમાં દર્શન –સેવા–પૂજા–ભક્તિ વિશેષ વિશેષ પ્રકારે થતી હોય કે થઈ ચૂકી હોય તે તીર્થ કહેવાય છે. અને નજીકના વર્ષોમાં દેરાસર કે જિનમૂર્તિના દર્શન–વંદન–પૂજા ઈત્યાદિ ચાલુ થયેલા હોય તે જિનાલય કે જિનમંદિર કહેવાય. જે નૂતન જિનાલયમાં પ્રાચીન ૨૦૦ / ૫૦૦ વર્ષ જૂની પ્રતિમા પધરાવી હોય તે તીર્થ જેવું સ્થાન બની શકે પણ તીર્થ ન કહેવાય. જ્યારે તીર્થોમાં પ્રાચીન (મહાપુરુષોએ) પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હોય છે. અને જિનમંદિર પણ પ્રાચીન હોય છે. તીર્થની આજુબાજુનું પરિસર વાતાવરણ પવિત્ર હોય છે. શુભ ભાવો કે પવિત્ર ભાવનાઓના આંદોલનો ત્યાં વ્યાપી ચૂકેલા હોય છે. અને મનઃ શાંતિ ઝડપથી મળતી હોય છે. જ્યારે જિનાલયમાં કે દેરાસરોમાં આ બધુ નવનિર્માણ થતું હોય છે. અને રોજીંદી દર્શન–વંદન–પૂજાની પ્રક્રિયા સરળતાથી પ્રાપ્ત થતી હોય છે.

શત્રુંજય, સમેત શિખરજી, ગિરનાર, રાણકપુર, પાવાપુરી વગેરે પ્રાચીન તીર્થો છે. તેમ છેલ્લા પચાસ –સાઈઠ વર્ષોમાં બંધાયેલા કેટલાક નૂતન જિનાલયો અને દેરાસરો, તીર્થની ઉપમા પામે તેવાં નિર્માણ થઈ ચૂક્યા છે. જેમ કે ગુજરાતમાં પાલિતાણા શ્રી ૧૦૮ સમવસરણ મહામંદિર, જંબૂદ્વીપ (કલિકુંડ), અયોધ્યાપુરમ્, કોબા (અમદાવાદ) ૐકાર તીર્થ (વડોદરા), બોરીજ (ગાંધીનગર), કાત્રજ (પૂના), ભુવનભાનુમાનસમંદિર (શાહપુર), શ્રી ધર્મચક્રતીર્થ (નાસિક, વિલ્હોરી), પાર્શ્વપ્રજ્ઞાલય (તળેગાંવ), મહાવીરધામ (શિરસાડ, મુંબઈ), પાવાપુરીતીર્થ (કે.પી. સંઘવી, આબુતળેટી પાસે), પંચકૈવલ્યધામ (ઓગણજ) વગેરે.

jainuniversity.org